તા. ૨૦/૩/૨૦૨૦ - શુક્રવાર - નોબત

**રોગચાળો અંકુશમાં આવે ત્યાં સુધી બિનજરૂરી મુસાફરી ટાળવા અનુરોધ**

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રવિવારે જનતા કરફ્યુને સફળ બનાવવા હાકલ

જામનગર તા. ૨૦: હાલમાં કોરોના વાઈરના નામના રોગચાળાએ સમગ્ર વિશ્વમાં કહેર મચાવેલ છે. ત્યારે આ રોગનો ફેલાવો અટકાવવા અને તેના પર નિયંત્રણ લાવવા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌ દેશવાસીઓને તા. ૨૨-૩-૨૦૨૦ રવિવારના સવારે ૭ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી સ્વૈચ્છિક રીતે અત્યંત જરૂરી કામ સિવાય બહાર ન નીકળવા અપીલ કરેલ છે.

આથી જામનગર ચેમ્બર દ્વારા પણ જામનગર શહેરના તમામ વેપારીઓ ઉદ્યોગકારો તથા આપણે સૌ જામનગરવાસીઓ તા. ૨૨-૩-૨૦ના તો ખરૂં જ પરંતુ જ્યાં સુધી આ રોગ પર કાબુ ન મેળવી શકાય ત્યાં સુધી બિન જરૂરી અવરજવર તથા મુસાફરી ટાળવી, તથા ખોટી અફવાઓ પણ ન ફેલાવવી તેમજ માસ્ક અને સેનીટાઈઝરનો વિવેકીપણે ઉપયોગ કરીને અને સરકારને સંપૂર્ણ સહયોગ આપી આ રોગ સામે જનતા લડાઈ અને જન ચળવળનો ભાગ બનવા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અપીલ કરવામાં આવી છે.

તા. ૨૦/૩/૨૦૨૦ - શુક્રવાર - આજ કાલ

# જામનગર ચેમ્બર દ્વારા જનતા કર્ફ્યુને સફળ બનાવવા અપીલ

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ.ના પ્રમુખ બીપેન્દ્રસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે કે હાલમાં કોરોના વાયરસ નામના રોગચાળાએ સમગ્ર વિશ્વમાં કહેર મચાવ્યો છે અને આ રોગને ફેલાતો અટકાવવા માટે તેમજ તેમના પર નિયંત્રણ લાવવા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી રવિવાર તા.૨૨ના રોજ સવારે ૭ થી રાત્રીના ૯ વાગ્યા સુધી સ્વૈચ્છિક રીતે જનતા કર્ફ્યુની અપીલ તેમજ જરુરી કામ સિવાય બહાર ન નીકળવાની દર્શાવવામાં આવેલી બાબતોને જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જામનગર શહેરનાં તમામ વેપારીઓને, ઉદ્યોગકારોને તથા શહેરીજનોને સરકારને સંપૂર્ણ સહયોગ આપી આ રોગ સામે જનતા લડાઈ અને જનચળવળમાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.